**પ્રેસ પ્રકાશન**

**संचार विभाग**, केन्द्रीय कार्यालय, एस.बी.एस. मार्ग,
मुंबई-400001
સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ.માર્ગ,
મુંબઈ -400001
फोन/ફોન: 022- 22610835
फेक्स/ફેક્સ : 91 22 22660358

**भारतीय रिज़र्व बैंक**
**ભારતીય રિઝર્વ બેન્ક**
वेबसाईट: www.rbi.org.in/hindi
વેબસાઇટ: www.rbi.org.in
ઈમેઈલ: helpdoc@rbi.org.in

ડિસેમ્બર 20, 2017

## અનુસૂચિત કોમર્શિયલ બેંકો (એસસીબી) પાસેની ડિપોઝિટની રચના અને માલિકી સ્વરૂપ (પેટર્ન)- માર્ચ 31, 2017

આજે, રિઝર્વ બેંકે 31 મી માર્ચ, 2017 ના રોજની અનુસૂચિત કોમર્શિયલ બેન્કો (એસસીબીઝ) પાસેની ડિપોઝિટની રચના અને માલિકી પેટર્ન અંગેની માહિતી પ્રકાશિત કરી હતી. બેંકની શાખાઓ /કચેરીઓ સ્થિત છે તે કેન્દ્રોનું વસ્તી જૂથ વર્ગીકરણ 2011ની વસતિગણતરી પર આધારિત છે. તે ઉપરાંત, આ ડેટા પ્રકાશનમાં ફેબ્રુઆરી 2017 માં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એક્ટ 1934ની બીજી સૂચિમાં ઉમેરવામાં આવેલી બે નાની નાણાં બેન્કો (એસએફબી) ને આવરી લેવામાં આવી છે.

**વિશેષતાઓ (હાઈલાઈટ્સ):**

1. તમામ પ્રકારની થાપણોમાં અને તમામ વસ્તી જૂથો / સ્થાનિક બેન્કોનાં જૂથોમાં કુલ થાપણોમાં કુટુંબોનો હિસ્સો વધ્યો હતો. વિદેશી બેન્કોમાં થાપણોનો મોટો ભાગ ખાનગી કોર્પોરેટ સેક્ટર ધરાવતું હતું.

2. ભૂતકાળથી વિપરીત, વ્યક્તિઓની થાપણોમાં થયેલ બે તૃતીયાંશ કરતાં વધુ વધારો બચત થાપણોના સ્વરૂપમાં હતો.

3. કુટુંબો અને સરકારી ક્ષેત્રોએ સમગ્ર વધતી થાપણોમાં ફાળો આપ્યો છે, જ્યારે નાણાંકીય અને વિદેશી ક્ષેત્રોની થાપણોમાં ઘટાડો થયો છે.

4. વર્ષ દરમિયાન વિદેશી બેંકોમાંથી બિન-નિવાસી થાપણો નો આઉટફ્લો હતો.

5. મહારાષ્ટ્ર એ (20.4 ટકા) બેંક થાપણોમાં તેના હિસ્સામાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, ત્યારબાદ દિલ્હી (10 ટકા) નેશનલ કેપિટલ ટેરિટરી (એનસીટી) ની છે.

6. વર્ષ 2016-17 દરમ્યાન કુટુંબોની વધેલી થાપણોમાં સૌથી વધુ યોગદાન ઉત્તર પ્રદેશ (12.7 ટકા) નું રહ્યું હતું, ત્યાર પછી મહારાષ્ટ્ર (9.5 ટકા), પશ્ચિમ બંગાળ (8.0 ટકા) અને ગુજરાત (7.1 ટકા) નો ક્રમ આવે છે.

31 માર્ચ, 2017 ના રોજ નો ડિપોઝિટ એકાઉન્ટ્સ, સંસ્થાકીય ક્ષેત્રો, વસ્તી જૂથો અને બેંક જૂથોમાં વિસ્તૃત પ્રવાહોના વિશ્લેષણનો વિગતવાર લેખ આરબીઆઈ બુલેટિનમાં પ્રકાશિત થશે.

**અનિરુધ ડી. જાધવ**
મદદનીશ મેનેજર

**પ્રેસ પ્રકાશન: 2017-2018/1693**